
# ખુશખબર, ખુશખબર, ખુશખબર...




**ન બોલવામાં નવ ગુણ**
★ નટવર પંડ્યા

આ પણી આજુબાજુ કેટલી બધી ખુશખબર છે! છતાં આપણને તેની ખબર જ નથી અને આટલી બધી ખુશખબર હોવા છતાં આપણે ખુશ નથી. અહીં અમને જલન માતરી સાહેબનો શેર યાદ આવે.

''તકદીર ખુદ ખુદા એ લખી, તો પણ ગમી નથી; સારું થયું કે કોઈ, માનવીએ લખી નથી''

ભગવાને માણસને ખુશ કરવાના ઘણા પ્રયત્નો કર્યા પણ ખુશ ન કરી શક્યા એટલે પછી તેમણે એડવર્ટાઇઝનું સર્જન કર્યું. ધારો કે ભગવાને આવું કદાચ ન કર્યું હોય તો એમ કહી શકાય કે 'કેટલાક ચાલાક માણસોને ખબર પડી ગઈ કે ભગવાને માણસને ખૂબ આપ્યું છતાં માણસ ખુશ નથી. તો આવા નાખુશને ખુશ કરવા (કશું જ આપ્યા વિના, એમના મનમાં એવો ભ્રમ પેદા કરવા) માણસે એડવર્ટાઇઝનું સર્જન કર્યું.' વાસ્તવિકતા કરતાં ભ્રમ માણસને વધુ ખુશ રાખે છે. (તૂટે નહીં ત્યાં સુધી!) બસ, આ મુદ્દે જ એડવર્ટાઇઝ શરૂ થઈ છે. ત્યારથી માણસની ચારે બાજુ ખુશખબર ચલતીમાં (દ્રુત લયમાં) રાસડા લઈ રહી છે. વળી આવી ખુશખબર દર વખતે ત્રણ ગણી હોય છે. કારણ કે મોટાભાગની જાહેરાતોમાં 'ખુશખબર..ખુશખબર.. ખુશખબર' એવું ત્રણ વાર લખેલું હોય છે. આમ માણસને ત્રણ ગણી ખુશી મળે છે. 'ખુશખબર'એ ખુશીનો અક્ષરદેહ છે. છતાં માણસ ખુશ દેખાતો નથી. અમે આ મુદ્દો અમારા એક મિત્ર સામે રજૂ કર્યો તો તેણે અમને ટચૂકડી વાર્તા (ટચૂકડી જા.ખ. નહીં!) કહી કે 'એક માણસ માફકસર દુઃખી હતો. તેને થયું કે લગ્ન કરી લઉં તો સુખી થઈશ. રાંધવું, વાસણ, કપડા આ બધી ઝંઝટ મટી જાય. એટલે તેણે લગ્ન કર્યા. લગ્ન પછી તેણે અનુભવ્યું કે પોતે ઊલટાનો વધારે દુઃખી થયો છે. તેને થયું કે કદાચ એક પત્નીથી સુખી નહીં થવાતું હોય એટલે એક હતી ને બીજી કરી. છતાં સુખી ન થયો. એટલે તેણે વિચાર્યું કે આપણે ત્યાં ત્રણનું મહાત્મ્ય બહુ છે એટલે તેણે ત્રીજી પત્ની કરી. ત્યાર પછી તેને સમજાયું કે ત્રણ ત્રણ પત્ની હોવા છતાં સ્થિતિ એની એ જ છે. એ જ રીતે એડવર્ટાઇઝિંગનું પણ એવું જ છે. ગમે તેટલી એડવર્ટાઇઝ વાંચો અને તેમાં ત્રણ ત્રણ વાર ખુશખબર શબ્દ લખ્યો હોય. તેનાથી પ્રેરાઈને માણસ એડવર્ટાઇઝ મુજબની ખરીદી કરે તો પણ માણસની સ્થિતિ એની એ જ રહે છે. હા, એડવર્ટાઇઝવાળાની સ્થિતિ બદલે, તેને ખુશી મળે.

વળી આ બધી ખુશખબરની ખૂબી એ છે કે તે 'આપના માટે' એટલે કે એડવર્ટાઇઝ વાંચનાર/જોનાર માટે હોય છે એટલે કે 'આપણા માટે' હોય છે. આપણને એમ થાય કે આપણને આટલી બધી ખુશખબર કેમ આપ્યા કરતા હશે. આપણી ખુશીની તેને આટલી બધી ચિંતા હશે!

ટીવીમાં જોઈએ તો કોઈ સુંદર મજાની યુવતી દર્શકો સામે જોઈને હરખઘેલું સ્મિત આપતા આપતા ખાસ પ્રકારની અંગભંગિમાં સાથે બોલે.' ખુશખબર, ખુશખબર, ખુશખબર' આ જોઈને અમુક દર્શકોનો આનંદ ક્ષણવાર માટે ત્રણ ગણો થઈ જાય. જો કે એ આનંદ પણ મોટીવેશનલ સ્પીકરના ભાષણ વખતે જાગેલા ઉત્સાહ જેવો હોય છે. થોડીવારમાં તળિયે બેસી જાય છે. પણ તે યુવતીને જોઈને આપણને થાય કે ફક્ત ખુશખબરની ખબર આપવામાં જો આ યુવતી આટલી બધી ખુશ થતી હોય તો ખરેખર આ ખુશખબર મુજબની ખરીદી કરવાથી આપણને કેટલી બધી ખુશી મળશે! પછી એ ખુશખબરથી દોરવાઈને મોંઘી ચીજ હપ્તેથી ખરીદીએ અને પછી મહિનો થાય ત્યાં હપ્તો જડબું ફાડીને ઊભો હોય. ત્યારે સમજાય કે એડવર્ટાઇઝથી દોરવાઈને જે ચીજ હપ્તેથી ઉપાડી લાવ્યા અને જે ખુશી થઈ, તેનાથી બમણી ખુશી હવે હપ્તે હપ્તે ચૂકવવાની છે. આમ માણસ ખુશી એકસામટી ખરીદે છે અને પછી તે હપ્તે હપ્તે વર્ષો સુધી ચૂકવે છે. જેમ મોટાભાગે સાસુ અને વહુ સાથે રહી શકતા નથી એ જ રીતે હપ્તો અને ખુશી સાથે રહી શકતા નથી. છેવટે પેટે પાટા બાંધીને હપ્તો ભરે અને પંદર- વીસ વર્ષે હપ્તા ભરાઈ રહે ત્યાં પેલી ખુશી ઝીરો થઈ જાય. અરે ઝીરો શું માઇનસમાં જતી રહે. એટલે ફરીથી તે ખુશી પ્રાપ્ત કરવા માણસ બીજી દિશામાં મોં માંડે અને વળી પાછી તેને ત્યાં કંઈક જુદા પ્રકારે ખુશખબર આપનારા સુંદર ચહેરા સામે આવી જાય.

કેટલાક ફિલોસોફરોએ વારંવાર કહ્યું છે કે 'ખુશી તમારી આજુબાજુ હોય છે. જો તમને ખુશ થતા આવડે તો!' આ સાંભળી લોકોએ ખુશીને ખૂબ શોધી પણ ક્યાંય દેખાઇ નહીં, પણ અમને તો હવે સમજાયું કે 'ખુશી એટલે આ એડવર્ટાઇઝ સ્વરૂપે રહેલી ખુશી' વળી કોઈ દુઃખી આત્મા જેવા તત્વચિંતકે ખુશી વિશે વાત કરતા કહ્યું કે 'દર વખતે ખુશી તમારી પાસે જુદા જુદા સ્વરૂપે આવે છે બસ તેને ઓળખતા શીખો,' પણ પ્રશ્ન એ થાય કે ખુશી પાસે આધારકાર્ડ તો હોતું નથી તો પછી આપણે ખુશીને ઓળખવી શી રીતે. બસ તે ખુશી એટલે ખુશખબરવાળી જાહેરાતો. વાત પણ સાચી છે દરેક એડવર્ટાઇઝનું સ્વરૂપ જુદું જુદું હોય છે. અસલી સ્વરૂપ પછી છતું થાય છે પણ તે બધામાં મોટાભાગે એક ચીજ તો જોવા મળે જ, તે છે 'ખુશખબર, ખુશ ખબર!'

ક્યારેક તત્વચિંતકો એવું પણ કહે છે કે કેટલાક લોકો હંમેશા ખુશ દેખાય છે તેમના જીવનમાં આપણા કરતાં વધારે ખુશી હોતી નથી. ઊલટાની ક્યારેક તો બહુ ઓછી હોય છે, પણ તે જીવનને ખુશાલી ભર્યું બનાવે છે. જીવનને માણે છે. આમ તેઓ જીવનને બનાવે છે અને એડવર્ટાઇઝ આપણને બનાવે છે. એડવર્ટાઇઝમાં બતાવેલી કોઈ ચીજ ખુશી આપનારી હોતી નથી પણ એડવર્ટાઇઝવાળા તેને ખુશી આપનારી બનાવે છે. કારણ કે ચીજોમાંથી ખુશી મળતી હોત તો આખી દુનિયામાં કોઈ દુઃખી ન હોત. એટલે લોકો ખુશી પાછળ દોડે છે અને છેવટે હાથમાં ખુશીને બદલે વસ્તુ આવે છે અને વસ્તુ સાથે હપ્તા પણ આવે અને ખુશી ખોવાઈ જાય છે.

માણસ પોતે દુઃખી છે કે સુખી તેની જ્યાં સુધી તેને પોતાને ખબર નથી ત્યાં સુધી તે સંપૂર્ણપણે સુખી છે. એ સુખ એ જ ખુશી છે. પણ એડવર્ટાઇઝ માણસને બોચી પકડીને, તેણે નક્કી કરેલી ખુશી બતાવીને કહે છે કે 'જુઓ આ ખુશખબર લખ્યું છે તે ચીજમાં જ તમારી ખુશી છે. બાકી બીજે ક્યાંય નથી.' પછી સ્થિતિ પેલા વાતમાંના માણસ જેવી થઈ જાય કે એક માણસ ખભે બકરીનું બચ્ચું લઈને જંગલમાંથી જતો હતો. ચોરોએ તે બચ્ચું પડાવી લેવાનો કારસો કર્યો. એ જ રીતે આ એડવર્ટાઇઝરૂપી ચોર આપણી ખુશીને પડાવી લેવાનો કારસો કરે છે. તેની જાળમાં ફસાયા પછી માણસ પોતાની પાસે રહેલી ખુશીને ફેંકી દે છે. પછી એડવર્ટાઇઝવાળા તેમણે નક્કી કરેલી ખુશી માણસના ખભે લાદી દે છે અને તે ખુશી એવી ભારેખમ હોય છે કે તેને ઊંચકીને માણસ બેવડો વળી જાય છે અને પોતાની અસલ ખુશી ગુમાવી બેસે છે.

આમ 'એડવર્ટાઇઝની ખુશખબર'ની ખુશી કાગળ પર ચીતરેલા ભોજનના ચિત્ર જેવી હોય છે. તેનાથી પેટ ભરાતું નથી. ઓડકાર આવતો નથી. એ જ રીતે જાહેરખબરની ખુશખબરથી માણસ ખુશ થઈ શકતો નથી.

**માણસ પોતે દુઃખી છે કે સુખી તેની જ્યાં સુધી તેને પોતાને ખબર નથી ત્યાં સુધી તે સંપૂર્ણપણે સુખી છે. એ સુખ એ જ ખુશી છે. પણ એડવર્ટાઇઝ માણસને બોચી પકડીને, તેણે નક્કી કરેલી ખુશી બતાવીને કહે છે કે 'જુઓ આ ખુશખબર લખ્યું છે તે ચીજમાં જ તમારી ખુશી છે. બાકી બીજે ક્યાંય નથી'**

## ગરમાગરમ

*દરેક સદીમાં બાપ તરફથી દીકરાને લગ્નની સલાહ..*
*17મી સદી:-બેટા, આપણા ધર્મવાળી છોકરી સાથે જ લગ્ન કરજે!*
*18મી સદી:- બેટા આપણી પેટા જ્ઞાતિની છોકરી સાથે લગ્ન કરજે!*
*19મી સદી:- બેટા આપણી જ્ઞાતિની છોકરી સાથે જ લગ્ન કરજે!*
*20 મી સદી:- બેટા આપણા દેશની છોકરી સાથે જ લગ્ન કરજે!*
*21મી સદી:- બેટા, 'છોકરી સાથે જ લગ્ન કરજે!!'*